# ધાનેરા ઈન્કમટેક્ષ દરોડા કરે તો કરોડોનું કાળું નાણું બહાર આવે

## હરાજીમાં ખોટી બોલી બોલનાર યુવકની ધુલાઈ તો ખોટી બોલી બોલાવનાર ગજેન્દ્ર પટેલ અને મોના પટેલ ઉભી પૂંછડિયે ભાગ્યા

ધાનેરા પાલિકા બજારના શોપિંગની હરાજીમાં ખોટા વ્યક્તિ દ્વારા ખોટી બોલી બોલતા ધાનેરાના સ્થનિક લોકો વિફર્યા હતા અને ખોટી બોલી બોલનારની ધુલાઈ કરી હતી.

ધાનેરામાં ત્રિકોણીય શોપિંગની હરાજી ચાલી રહી છે પરંતુ ક્યાંક ને ક્યાંક આ શોપિંગની હરાજીમાં ખોટું થઈ રહ્યું હોય તેવા લોકોમાંથી આક્ષેપ ઉઠવા પામ્યા છે ત્યારે અનામત દલિત સમાજની દુકાનની બોલી બોલાઈ રહી હતી ત્યારે થરાદ તાલુકાના સેદલા ગામનો યુવક દુકાનની બોલી ૩૪ લાખ કરતા વધુ બોલી બોલતા ધાનેરા સ્થાનિક દલિતોમાં આશ્ચર્ય જોવા મળ્યું હતું અને આ યુવક ની તાપસ કરતા યુવક ધાનેરા પટેલ ઈલેક્ટ્રોનિકના મલિક ગજેન્દ્રભાઈ માનભાઈ પટેલ દ્વારા ઉભો કરવામાં આવ્યો હતો અને તે દુકાન લઈ તેમને આપવાનો હતો તેની જાણ ધાનેરાના સ્થાનિક દલિતોને થતા દલિતોએ હોબાળો મચાવ્યો હતો અને આ ખોટી બોલી બોલનાર યુવકને મેથીપાક આપ્યો હતો. હવે તમે જ સાંભળો કે આ યુવક કોના માટે દુકાનની બોલી બોલતો હતો.

ખોટી રીતે યુવકને ઉભો કરી દલિતોના ભાગની દુકાન ખરીદવા માંગતા માનાભાઈ પટેલ અને તેમનો દીકરો ગજેન્દ્ર પટેલ દલિતો વિફરતા ત્યાંથી ઉભી પૂંછડિયે ભાગ્યા હતા અને શોપિંગના ઉપરના ભાગમાં ચડી તેમનો જીવ બચાવ્યો હતો અને તે બાદ જ્યાં સુધી હરાજી ચાલુ હતી ત્યાં સુધી હરાજી સ્થળે ફરક્યાં જ ન હતા. તો બીજી તરફ પાલિકાના પૂર્વ પ્રમુખે જણાવ્યું હતું કે હરાજી ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે અને પાલિકાના ચાલુ સત્તાધીશો તેમાંના મળતિયા લોકોને ઉભા રાખી દુકાન ખરીદવી રહ્યા છે અને ધાનેરા ના સાચા લોકો સુધી દુકાન ન પહોંચે તે માટે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે અને વધુમાં જણાવ્યું હતું કે પાલિકાના સત્તાધીશોની સાથે સાથે અધિકારીઓ પણ ખોટું કરી રહ્યા છે માટે હું તમામ ને હાઈકોર્ટ માં લઈ જઈશ. આ બાબતે ચીફ ઓફિસરનો સંપર્ક કરતા તેમને પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે હરાજી સારી રીતે ચાલી રહી છે અને આવું કઈ ખોટું થતું નથી અને જો થશે તો એની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે ધાનેરા પાલિકા દ્વારા હાથ ધર્યેલા પૂર ડેમેજ અને અધૂરા શોપિંગ ની હરાજી માં ભાગ લીધેલા લોકો પણ અત્યારે તો દુકાનોના ભાવ ૭૦ લાખ કરતા પણ વધુ બોલાઈ રહ્યા છે અત્યારના સમયમાં જે લોકોએ ૫૦ લાખ કરતા વધુની રકમથી દુકાન ખરીદી છે તેવા લોકોના ઘરે ઈન્કમટેક્ષ દરોડા કરે તો ધાનેરામાંથી મોટું કાળુંનાણું ઝડપાય તેવી વાતે ધાનેરામાં વેગ પકડ્યું છે.

**પાલિકાના ચાલુ સત્તાધીશો પોતાના મળતિયા લોકોને ઉભા રાખી હરાજી ઊંચા ભાવે બોલાવે છે : ૫૦ લાખથી ઉપરના ભાવે દુકાન ખરીદનારના ઘરે આઈ. ટી.ના દરોડા થાય તેવી લોક માંગ**

# ધાનેરા પાલિકા બજાર શોપિંગની હરાજીમાં હોબાળો

## પાલિકાના ચાલુ સત્તાધિશો અને કોંગ્રેસી સદસ્યો વચ્ચે તું... તું... મેં... મેં...

ધાનેરામાં ચાલી રહેલી પાલિકા શોપિંગની હરાજીમાં પાલિકાના ચાલુ સત્તાધિશો અને લોકો વચ્ચે ઝપાઝપી થતા વાતાવરણ ગરમાવ્યું છે તો બીજી તરફ પાલિકાના કોંગ્રેસી સદસ્યો દ્વારા દબાણદારો સાથે થતા અન્યાયની રજૂઆત કરતા પાલિકા સત્તાધિશો અને કોંગ્રેસી સદસ્યો વચ્ચે તું... તું... મેં... મેં...ના દર્શ્યો સર્જાયા છે.

આજે વહેલી સવારથી જ ધાનેરામાં નગરપાલિકાના શોપિંગની હરાજી ચાલી રહી છે પરંતુ આ શોપિંગ હરાજીમાં પાલિકાના ચાલુ સત્તધીશોની લુખ્ખી દાદાગીરી સામે આવી રહી છે અને લોકોની રજૂઆત કાન પર લેતા નથી અને પોતાની મનમાની ચલાવી આ હરાજી કરી રહ્યા છે ત્યારે ધાનેરાના લોકો દ્વારા આ બાબતે રજૂઆત કરતા પાલિકાના પ્રમુખ આશાબેન અને લોકો સાથે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયેલા જોવા મળ્યા હતા.



પાલિકાના સત્તાધીશો દ્વારા શોપિંગની હરાજીમાં ધાનેરા પાલિકાના પૂર્વ પ્રમુખ બળવંતભાઈ બારોટ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે પહેલા અનામત લોકોની હરાજી કરો અને તે બાદ જ જનરલ હરાજી પાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા દબાણદારોની હરાજીની રજૂઆત કરતા પાલિકાના ચાલુ સત્તાધીશો ઉગ્ર બની ગયા અને પૂર્વ પ્રમુખ અને ચાલુ સત્તાધીશો વચ્ચે તું,, તું,, મેં,,મેં..ના દ્રશ્યો સર્જાયા હતા. પાલિકાના સત્તાધીશોના ખરાબ વલણથી પાલિકાના કોંગ્રેસી સદસ્યોએ હરાજી સ્થળ છોડી ચાલતા થયા હતા ત્યારે પાલિકાના પૂર્વ પ્રમુખે જણાવ્યું હતું કે આ લોકો ખોટો અન્યાય કરી રહ્યા છે અને હરાજીના ગરીબ લોકો પાસેથી પૈસા પડાવી પોતાના ગજવા ગરમ કરી રહ્યા છે.

અત્યારે તો પાલિકાના ચાલુ સત્તાધીશો દ્વારા દાદાગીરી કરી શોપિંગની હરાજી કરી રહ્યા છે પરંતુ આ હરાજી કેટલા અંશે યોગ્ય ગણાય તે એક પ્રશ્ન ઉઠવા પામ્યો છે.

# મુંબઈ આગમાં અમદાવાદની આશાસ્પદ યશા પણ હોમાઈ

## વ્યવસાયે સીએ એવી યશા ઠક્કર હજુ એક વર્ષ પહેલાં જ લવ મેરેજ કર્યા હતા : સેલીબ્રેશન માટે મુંબઇ ગઇ હતી

માયાનગરી મુંબઈમાં લોઅર પરેલ સ્થિત કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં એક પબમાં લાગેલી ભયાનક આગમાં ૧૪ મહિલાઓ ભડથું થઈ ગઈ હતી પરંતુ આ ભાગદોડમાં અમદાવાદની આશાસ્પદ યુવતી યશા ઠક્કર પણ સ્લેબ તૂટતાં કાળનો કોળિયો બની ગઈ હતી. વ્યવસાયે સીએ એવી યશા ઠક્કર હજુ એક વર્ષ પહેલાં જ લવ મેરેજ કર્યા હતા અને થર્ટી ફર્સ્ટના સેલીબ્રેશન માટે મુંબઈ ગઈ હતી. અમદાવાદની આશાસ્પદ યુવતીના મોતને પગલે શહેરભરમાં શોકની લહેર ફેલાઈ ગઈ હતી. માયાનગરી મુંબઈમાં લોઅર પરેલ સ્થિત કમલા મિલ્સ કમ્પાઉન્ડમાં એક પબમાં લાગેલી ભયાનક આગમાં ૧૪ મહિલાઓ જીવતી ભુંજાઇ જતાં દેશ અને દુનિયામાં ખળભળાટ મચી ગયો હતો. આ દુર્ઘટનામાં અન્ય ૧૫ જણાંને ઈજા પહોંચી હતી.

શોટ સર્કીટને લીધે લાગેલી વિકરાળ આગને લઈ કેટલાક લોકોની પાર્ટીની ઉજવણીની રાત અંતિમ રાત બની ગઈ હતી. આ સમગ્ર ઘટનામાં અમદાવાદની પાલડી વિસ્તારમાં રહેતી અને વ્યવસાયે સીએ એવી યશા ઠકકરનો પણ સમાવેશ થતો હતો. યશાના પિતા સંગીતકાર છે. તેણી થર્ટી ફર્સ્ટના સેલીબ્રેશન માટે મુંબઈ ગઈ હતી, જયારે તેના પતિ આવતીકાલે મુંબઈ પહોંચવાના હતા. યશા ઠક્કર ચાર દિવસ પહેલાં જ મુંબઈ ગઈ હતી અને તે તેણીના ફોઈના ઘેર રોકાઈ હતી. મુંબઈની પબમાં ભયંકર આગ લાગી ત્યારે તેણી તેના કઝીન્સ સાથે ત્યાં નજીકમાં આવેલી રેસ્ટોરન્ટમાં જમવા ગઈ હતી. આ દરમ્યાન આગ લાગતાં જોરદાર ભાગદોડ અને અફરાતફરી મચી ગઈ હતી. યશા અને તેના કઝીન્સ જુદી જુદી દિશામાં ભાગ્યા હતા પરંતુ એ દરમ્યાન જ બિલ્ડીંગનો સ્લેબ તૂટી પડતાં ગુંગળામણના કારણે યશાનું કરૂણ મોત નીપજયું હતું. આ બનાવને લઈ અમદાવાદ શહેરમાં પણ શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

# પાલનપુરના પાસે ટેન્કરની ટક્કરે માતાનું મોત, પુત્રીનો બચાવ

પાલનપુરના અમદાવાદ હાઈવે પર ગઠામણ પાટીયા પાસે ગત સાંજે કરીયાણું ખરીદીને હાઈવે ઓળંગી રહેલી માતા- દિકરીને ટેન્કર ચાલકે ટક્કર મારી હતી. જેમાં માતાનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતુ. જ્યારે પુત્રીનો ચમત્કારિક બચાવ થયો હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ગઠામણ પાટીયા પાસે રહેતા મુળ હિંમતનગર જિલ્લાના રૂપાલ ગામના ભેમાભાઇ વાદીની પત્નિ સુધાબેન અને નાની દિકરી જયા કરીયાણું ખરીદી પરત ફરી રહ્યા હતા. ત્યારે હાઈવે ઓળંગતા ટાણે કરતી માતેલા સાંઢની જેમ પુર ઝડપે આવતા અજાણ્યા ટેન્કર ચાલકે બંને માતા- પુત્રીને અડફેટે લીધા હતા. જેમાં સુધાબેન ઉપર ટેન્કરના ટાયર ફરી વળતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું જયારે તેમની પુત્રી જયાબેનનો ચમત્કારીક બચાવ થયો હતો. અકસ્માત સ્થળે લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. દરમિયાન દોડી આવેલી પોલીસે મૃતદેહને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પી. એમ. અર્થે ખસેડયો હતો.

# રિવરફ્રન્ટ ખાતે જીગરા બેન્ડે જોરદાર આકર્ષણ જમાવ્યું છે

## હસ્તકળા મેળાનું પણ આકર્ષણ : દેવાંગ પટેલના પર્ફોમન્સે લોકોને જકડી રાખ્યો : અવનવા કાર્યક્રમોની વણઝાર રહી

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ શહેરમાં સતત ૧૦મા વર્ષે યોજાઈ રહેલા કાંકરિયા કાર્નિવલના વિવિધ કાર્યક્રમો માણવા શહેરીજનોએ સતત પાંચમા દિવસે પણ ઘણી મોટી સંખ્યામા મુલાકાત લઈ અવનવા કાર્યક્રમોની મજા માણી હતી આ સાથે જ સાબરમતી રિવરફ્રંટ પર જીગરદાન ગઢવીનો જીગરા બેન્ડ કાર્યક્રમ યોજાયો હતો એમા પણ શહેરીજનોએ ભારે ઉત્સુકતા દર્શાવી હતી. અમદાવાદ શહેરમાં સતત દસમા વર્ષે કાંકરિયા કાર્નિવલનું આયોજન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યુ છે.આ કાર્નિવલમાં પાંચમા દિવસે આયોજિત કરવામાં આવેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો કે જેમાં પપેટ શો,બાળનગરી શીર્ષક હેઠળ બાળકોને ઉપયોગી જ્ઞાન અને મનોરંજન પુરુ પાડે એવા કાર્યક્રમોને નિહાળવા સવારથી બાળકો તેમના વાલીઓ કે પરિવાર સાથે મુલાકાત લઈ રહ્યા છે આ ઉપરાંત લેક પરિસરમાં અલગ અલગ સ્થળોએ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે આ પ્રકારના કેમ્પમાં પણ સેવૈચ્છીક રકતદાન માટે મોટી સંખ્યામાં શહેરીજનો રકતદાન કરી રહ્યા છે.

કાંકરિયા લેકફંટ ખાતે કાર્નિવલ દરમિયાન બપોરે ૩ થી ૫ કલાક સુધી જાદુગરો દ્વારા જાદુના શો કરવામાં આવી રહ્યા છે તેમાં પણ લોકો કુતુહલવશ જાદુના શો નિહાળવા આવી રહ્યા છે.કાર્નિવલના પાંચમા દિવસે જીગરદાન ગઢવી દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જીગરા બેન્ડનો કાર્યક્રમ જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.આ ઉપરાંત કાંકરીયા ખાતે હસ્તકલા મેળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે જયાં હસ્તકલા ઉપર આધારીત વિવિધ બનાવટોને જોવા અને લેવા માટે શહેરીજનો ભારે ભીડ જમાવી રહ્યા છે.અત્રે નોંધનીય છે કે,આ અગાઉ કાંકરિયા લેકફ્રન્ટ ખાતે આયોજિત કરવામાં આવેલા દેવાંગ પટેલના પર્ફોમન્સને નિહાળવા માટે પણ લોકો ભારે ભીડ જમાવી રહ્યા છે.આવતીકાલે શનિવાર અને એ પછી રવિવારના રોજ વર્ષનો અંતિમ દિવસ હોવાની સાથે અંતિમ રવિવાર પણ હોઈ અમદાવાદ શહેરના કાંકરિયા લેકફ્રન્ટ ખાતે આયોજિત અને સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ કાર્યક્રમોમાં લોકોની ભારે જનમેદની ઉમટી પડે એવી પુરેપુરી સંભાવના છે.

# કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની અનન્ય સીએસઆર પહેલ 'માતૃવંદના'

અમદાવાદ, તા. ૨૯

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. રાજીવ મોદી દ્વારા માતાઓને અંજલિ સ્વરૂપે 'માતૃવંદના' નામની અનન્ય સીએસઆર પહેલની શરૂઆત કરવામાં આવેલ છે. તેઓશ્રીના માતૃશ્રી શ્રીમતી શીલાબેન ખૂબ જ પ્રેમાળ સ્વભાવના, વિચારશીલ અને સૌ કોઈની સંભાળ રાખનારા હતા. તેમના આવા ઉમદા સ્વભાવને અંજલિ આપવાના હેતુસર તેમજ સમાજમાં આવા વિચારોને સમર્થન આપતા લોકોનું જતન થાય તેવો આ વિશિષ્ટ પહેલનો આશય છે.

'માતૃવંદના' પહેલનાં ભાગરૂપે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. વૃક્ષારોપણ દ્વારા પ્રદૂષણમાં ઘટાડો કરવો, જળ સંરક્ષણ માટે ચેક ડેમ્સનું નિર્માણ કરીને નદીઓને પુનઃજીવિત કરવી, ગાયો માટે ઘાસચારો અને દવાઓ પૂરી પાડવી તથા ગૌશાળાઓને સશક્ત બનાવવી, નવજાત શિશુઓ અને સગર્ભાઓનો મૃત્યુદર ઘટાડવા કુપોષિત માતાઓને પોષકણક્ષમ ફુડ સપ્લીમેન્ટ, દવાઓ તેમજ તબીબી સલાહ-સૂચન પૂરા પાડવા તેમજ શહીદોનાં પરિવારો સન્માનજનક જીવન જીવી શકે તે માટે તેમને સંપૂર્ણ હેલ્થકેર અને અન્ય જરૂરી સહાય આપવા જેવા વિકાસલક્ષી કાર્યો સાથે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પાંચ વિવિધ પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ લાવવા પ્રયાસ કરશે.

# મહેસાણા જિલ્લામાં ૪૦૦થી વધુ કર્મયોગીઓની આરોગ્ય ચકાસણી

મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા પંચાયતના કોમ્યુનિટી હોલ ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના ૪૦૦ થી વધુ કર્મયોગીઓની તપાસણી કરાઈ હતી. હેલ્થ ચેક અપ કેમ્પ સહિત નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું.

નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ આરોગ્ય ચકાસણી કેમ્પની મુલાકાત કરી તપાસણી કરાઈ હતી. અધિક કલેકટરે જણાવ્યું હતું કે સતત કામના ભારણના કારણે કર્મયોગીઓ તેમના આરોગ્યની કાળજી લેતા નથી. જિલ્લા પંચાયત દ્વારા આયોજીત આરોગ્ય ચકાસણી કેમ્પનો સીધો ફાયદો કર્મયોગીઓને મળ્યો છે.

આરોગ્ય ચકાસણી અને નિદાન કેમ્પમાં બિનચેપી રોગો જેવા કે, હૃદય રોગ, બ્લડ પ્રેસર, ઉંચાઈ, વજન તેમજ ડાયાબીટીસ સહિત અન્ય રોગોનું મેડીકલ ચેકઅપ કરી સારવાર માટે હેલ્થ રીપોર્ટ કાર્ડ આપવામાં આવ્યુંહતું. આ હેલ્થ રીપોર્ટ કાર્ડમાં ડાયાબીટીસ અને હાઈપર ટેન્શનના અટકાવવા અને નિયંત્રણ માટેના જરૂરી સુચનો સહિત સરકારની વિવિધ યોજનાઓ જણાવી હતી આરોગ્ય ચકાસણી કેમ્પમાં જિલ્લાના આરોગ્ય અધિકારી વિષ્ણુંભાઇ પટેલ સહિત આરોગ્યના અધિકારીઓ, કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધનસુરા રામજી મંદિરના મહંતની ૩૨૦૦ કિ.મી. નર્મદા પરિક્રમાનો પ્રારંભ

ધનસુરા રામજી મંદિરના મહંત પુરણ શરણદાસજીને માલસરથી ૩૨૦૦ કિ.મી.ની નર્મદા પરિક્રમા પદયાત્રાનો પ્રારંભ કર્યો છે. આ અગાઉ તેમણે શીરડી પદયાત્રાએ ગયા હતા. નર્મદા પરિક્રમા ચારમાસે પૂર્ણ થશે. માલસરથી તેમને શુભેચ્છા પાઠવી સરપંચ યશવંત પટેલે શ્રીફળ આપી વિદાય આપી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર સાબરડેરીના વાઈસ ચેરમેન કાન્તિભાઈ પટેલે ગોપાલભાઈ ઠેકડી, ભરતભાઈ પટેલ, અતુલ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. મહંત પુરણ શરણ દાસથી માં નર્મદા ખાતે ૧૫૧ સાડી અર્પણ કરશે.

# કણબીયાવાસના યુવક પર છરી વડે હુમલો

દાંતા તાલુકાના કણબીયા વાસના ૪૦ વર્ષીય આદિવાસી યુવક પર છરી વડે હુમલો થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, દાંતા તાલુકા ના કણબીયાવાસ ગામના જેઠાભાઈ ભેમાભાઈ ભેમિયાત પર કોઈ કારણોસર તેના ભાઈએ જ છરી વડે હુમલો કર્યો હતો. ચાર-પાંચ છરીના ઘા કરેલી હાલતમાં ઈજાગ્રસ્ત આદિવાસી યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# બિટકોઈન પોંજી સ્કીમની જેમ છે રોકાણકારોને ચેતવણી

નવીદિલ્હી,તા. ૨૯

સરકારે બિટકોઈન જેવી વર્ચુઅલ કરન્સીમાં રોકાણ કરનાર ભારતીયોને ચેતવણી આપતા કહ્યું છે કે, આ પોંજી સ્કીમની જેમ છે. સરકારનું કહેવું છે કે, બિટકોઈનની કોઈ કાયદાકીય માન્યતા નથી. સાથે સાથે આ ચલણની કોઈ સુરક્ષા પણ નથી. સરકારનું કહેવું છે કે, બિટકોઈનમાં મૂડીરોકાણ ભારે જોખમી વિષય છે. સરકાર અથવા આરબીઆઈએ આને મંજુરી આપેલી નથી. નાણામંત્રાલય તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પ્રકારની કરન્સીના રોકાણ ઉપર પોન્જી યોજનાઓમાં મૂડીરોકાણ જેટલા જ જોખમ રહેલા છે. આનાથી મૂડીરોકાણકારો અને ખાસ કરીને રિટેલ મૂડીરોકાણકારો અથવા તો ગ્રાહકોને એકાએક મોટા નુકસાન થઈ શકે છે. તેમની પરસેવાની કમાણીને ફટકો પડી શકે છે. કસ્ટમરોને સાવધાન અને એલર્ટ રહેવાની જરૂર છે જેથી આ પ્રકારની પોંજી યોજનાઓની જાળથી બચી શકાય છે. વર્ચુઅલ કરન્સીને ડિજિટલ સ્વરુપમાં જ સ્ટોર કરવામાં આવે છે. આમા હેકિંગ, પાસવર્ડ ગુમ થઈ જવા અને વાયરસના હુમલાનો ભય રહે છે. મંત્રાલયે એક નિવેદન આપતા કહ્યું છે કે, બિટકોઈન અને અન્ય ક્રિપ્ટો કરન્સીની કિંમત સંપૂર્ણપણે અટકળો ઉપર આધારિત રહે છે જેથી કિંમતોમાં ઉતારચઢાવની સ્થિતિ જોવા મળે છે. ઉલ્લેખનીય છે કે, બિટકોઈન સહિત હાલના દિવસોમાં વર્ચુઅલ કરન્સીના મૂલ્યમાં અભૂતપૂર્વ વધારો થયો છે. ક્રિપ્ટો કરન્સી એક ડિજિટલ કરન્સી તરીકે છે. સામાન્યરીતે ક્રિપ્ટો કરન્સીનું કોઈ અસ્તિત્વ રહ્યું નથી. માત્ર ડિજિટલ લેવડદેવડ સુધી મર્યાદિત રહે છે. મંત્રાલયનું કહેવું છે કે, આ પ્રકારની કરન્સીમાં કોઈ વાસ્તવિક મૂલ્ય નથી. તેની પાછળ કોઈ સંપત્તિના આધાર પણ નથી. આ પહેલા દિવસમાં નાણા રાજયમંત્રી પી રાધાકૃષ્ણને લોકસભામાં કહ્યું હતું કે, આર્થિક મામલાઓના વિભાગે એક આંતર વિભાગીય સમિતિની રચના કરી હતી. જેના કારણે દુનિયાભરમાં બિટકોઈન અથવા તો ક્રિપ્ટો કરન્સીના વર્તમાન નિયમ અને કાયદાકીય માળખામાં અભ્યાસ કરીને તેના નિયમ માટે સૂચન કરવામાં આવ્યું હતું. પોતાના લેખિત જવાબમાં મંત્રીએ લોકસભામાં સૂચન કર્યું હતું કે, સમિતિએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, સાવધાન રહેવાની જરૂર છે. સરકાર આના ઉપર વિચારણા કરી રહી છે.

ક્રિપ્ટો કરન્સીના વર્તમાન નિયમ અને કાયદાકીય માળખાના અભ્યાસ મારફતે તેના નિયમન માટે એક મૂળભૂત માળખુ તૈયાર કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે. મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, ક્રિપ્ટો કરન્સી ધારકો, કારોબારીઓને પહેલાથી જ ભારતીય રિઝર્વ બેંક દ્વારા ત્રણ વખત તેના ખતરાને લઈને સાવધાન કરવામાં આવ્યા છે.

## વિક્રમી ખેતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં બટાટાની ખેતી બીજા નંબરે આવે છે જે ૭૨૩૮ હેકટરમાં થઈ છે. આ પછી શાકભાજીના પાક આવે છે જેનું ૬૭૮૧ હેકટરમાં વાવેતર થયું છે.

જિલ્લામાં વરિયાળીનું ૧૪૮૪ હેકટર, તમાકુનું ૩૫૯૫ હેકટર વિસ્તારમાં અને ઘાસાચારનું વાવેતર ૨૧૮૨૫ હેકટરમાં નોંધાયું છે. જિલ્લામાં પ્રયોગશીલ ખેડૂતો દ્વારા સવા અને ડુંગળીનું વાવેતર પણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાઈનું વાવેતર ૯૫૦ હેકટરમાં નોંધાયું છે. જીરૂનું વાવેતર પણ ૨૬ હેકટરમાં નોંધાયું છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ગત વર્ષની સરેરાશ જેટલું જ નોંધાયું હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

## સર્વર બંધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી અનેકવાર વિવાદમાં આવે છે. આર ટી ઓ કચેરીમાં પારદર્શક અને ઝડપી વહીવટની વાત પોકળ પુરવાર થઈ હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. અરજદારોએ કચેરીમાં પ્રવેશતા જ પોતાનુ વાહન ક્યા પાર્ક કરવુ તે પ્રશ્ન સાથે કચેરીના અંદર પણ ધક્કે ચઢવાનો વારો આવે છે. સંકુલ અંદર અને બહાર પાર્કીંગની યોગ્ય વ્યવસ્થાના અભાવ વચ્ચે કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનના લીરા ઉડતા નજરે પડે છે. આસપાસના રહીશો પણ આડેધડ પાર્કીંગ તેમજ ઘોંઘાટથી ત્રસ્ત બન્યા છે. જેને લઈને અનેકવાર ફરિયાદો પણ ઉઠવા પામી છે. બીજીતરફ આર ટી ઓ કચેરીની કામગીરી પણ વારંવાર ખોટવાતા અરજદારો પરેશાની ભોગવી રહયા છે. સર્વર ડાઉન થવાનો સિલસિલો યથાવત રહેતા અનેક અરજદારોના કામ અટવાય છે.

આજે પણ આર ટી ઓ સંકુલમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનુ સર્વર બંધ થતા લાઈસન્સ માટે ટેસ્ટ આપવા આવેલા અરજદારોને ધક્કો ખાઈ પરત ફરવુ પડયુ હતુ. બપોર બાદ સર્વર બંધ થતા આ સ્થિતિ સર્જાઈ હતી. આર ટી ઓ કચેરીના આ ટ્રેક પર રોજ અંદાજિત ૨૦ જેટલા અરજદારોના ડ્રાઈવીંગ ટેસ્ટ લેવાય છે. આજે બપોર બાદ આ કામગીરી ઠપ્પ થઈ જતા અરજદારો ફાંફે ચઢયા હતા.

## લીકેજીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે લાંબા સમયના અંતે પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી લીકેજીસની સમસ્યાને ડામવા માટે એજન્સીને કામ સોંપવામાં આવશે.

## અગ્નિતાંડવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળ્યા ન હતા. મોટા ભાગના લોકો વોશરૂમમાં માર્યા ગયા હોવાના હેવાલ મળ્યા છે. જે લોકો ઉપરના માળે હતા તે લોકો કોઈ રીતે બિલ્ડિંગમાં જવામાં સફળ રહ્યા હતા. જ્યાંથી તેમને ફાયરની ટીમે બચાવી લીધા હતા. ખાસ લેડરના સહારે તેમને બચાવી લેવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીએ કહ્યુ છે કે મૃતકોમાં મોટા ભાગની મહિલાઓ છે. જે ટેરેસ પર સ્થિત રેસ્ટોરન્ટમાં એક પાર્ટીમાં સામેલ થવા માટે આવી હતી. ઘટનાની માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગ્રેડની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કેઈએમ હોસ્પિટલના ડીને માહિતી આપતા કહ્યુ છે કે કેટલાક લોકો ગંભીર રીતે દાજેલી હાલતમાં છે. કેટલાકને શ્વાસ લેવામાં હજુ તકલીફ થઈ રહી છે. આગની ઘટના બન્યા બાદ બીએમસીના અધિકારી અજય મહેતા અને આઈએ કુન્દન ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળ પર ફાયરની આઠ ગાડી તરત પહોંચી હતી. ત્રણ જેટીને પણ લઈ જવાની ફરજ પડી હતી. ફાયરના કર્મચારીઓ આસપાસની ઈમારતોને પણ બચાવવામાં લાગી ગયા હતા. આગ લાગતા જ કર્મચારીઓ બહારની તરફ ભાગી ગયા હતા. તેઓ એટલા ભયભીત હતા કે કઈ કહેવાના સ્થિતીમાં ન હતા. ફાયરને રાત્રે ૧૨.૩૦ વાગે આગ લાગવા અંગેની માહિતી મળી હતી. આગ એટલી પ્રચંડ હતી કે ટુંકા સમયમાં જ આસપાસના વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી.


## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ગામ રૂપાહીરા અને માંડલીયા ફળી(મુડસી) તાલુકો મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ કે ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

**રૂપાહીરા ફળી**

૧.૩૦૦૦૦,લી જમીનતળની ટાંકી - ૩૭૬૦૮૫.૫૬

**માંડલીયા ફળી**

૨. ૨૦૦૦૦ લી. જમીનતળની ટાંકી ૨,૯૨,૩૦૫.૬૧

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૦૪/૦૧/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ રજુ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૦૯/૦૧/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૧૨/૦૧/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર./ડી.ડી./બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી રૂપાહીરા અને માંડલીયાફળી જળ અને સ્વચ્છતા સમીતીના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધીકાર સમીતી નો રહેશે.

**: ટેન્ડર મોકલવાનું સરનામું :**
**અધ્યક્ષશ્રી રૂપાહીરા અને માંડલીયા ફળી જળ અને સ્વચ્છતા સમીતી, તાલુકો-મેઘરજ, જીલ્લો-અરવલ્લી**